# ડીસામાં યુવતીનું પર્સ લઈ ભાગતા શખ્સને લોકોએ ઝડપી લીધો



ડીસા, તા. ૧૨

ડીસાના નવા બસ સ્ટેશનમાં મુસાફરોની ભારે ભીડ હતી. આ દરમિયાન બસ સ્ટેશનમાં પ્લેટફોર્મ તરફ જઈ રહેલી એક યુવતીનું પર્સ તફડાવી એક શખ્સ ભાગ્યો હતો. જેથી યુવતીએ જોરશોરથી બુમાબુમ કરતા આજુબાજુના લોકો એકઠા થઈ ગયા હતા અને પિછો કરી પર્સ લઈને ભાગતા શખ્સને ઝડપી લીધો હતો. તેમજ લોકોએ તેને મેથીપાક ચખાડી પોલીસને હવાલે કર્યો હતો.

ઘટનાની જાણ થતાં જ ડીસા શહેર ઉત્તર પોલીસ તાત્કાલિક આવી પહોંચી હતી અને ઝડપાયેલા શખ્સની પૂછપરછ કરતા આ શખ્સ સોતવાડા ગામનો જયંતિ ઠાકોર હોવાનું જાણવા મળ્યું હતું. જેથી પોલીસ તેને ઉત્તર પોલીસ સ્ટેશન ખાતે લઈ જઈ તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ધનસુરા ખાતે મેરી મિટ્ટી મેરા દેશ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયો

ધનસુરા, તા. ૧૨

અરવલ્લી જિલ્લા માં વિવિધ જગ્યાએ મેરી મિટ્ટી મેરા દેશ અંતર્ગત કાર્યક્રમ યોજાયા હતા.જિલ્લાની ધનસુરા ગ્રામ પંચાયત ધ્વારા અમૃત સરોવર ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. ધ્વજવંદન, વૃક્ષારોપણ, પ્રતિજ્ઞા, દીપ પ્રગટાવવા,સૈનિકો નું સન્માન,કાર્યક્રમ અંતર્ગત શહીદ વીરોના બલિદાનોને સમર્પિત સ્મારક પથ્થરની તકતી-શિલાફલકમનુ અનાવરણ સહિત ના કાર્યક્રમો યોજાયા હતા.જેમાં નિવૃત્ત સૈનિકો સરપંચ ગ્રામ પંચાયત ના સદસ્યો સહિત ગામલોકો ઉપસ્થિત રહ્યા હતા.જિલ્લામાં વિવિધ જગ્યાએ "માટીને નમન, વીરોને વંદન" થીમ અંતર્ગત રાષ્ટ્રભક્તિનું અનોખું પર્વ ઉજવાયું હતું.જિલ્લાના તમામ ગામોમાં 'મેરી માટી, મેરા દેશ' અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.વીર શહીદોની યાદમાં અમૃત સરોવરો સહિતનાં જળાશયો પાસે, શાળાના મેદાનમાં, પંચાયત ખાતે અને મંદિરના પ્રાંગણમાં શિલાફલકમનું નિર્માણ કરવામાં આવ્યું હતું.આઝાદી ના અમૃત મહોત્સવની ઉજવણી થકી સમગ્ર જિલ્લાના લોકો દેશભકિતના રંગે રંગાયા ત્યારે અરવલ્લી જિલ્લામાં પણ 'મેરી માટી, મેરા દેશ' અભિયાનની ભવ્ય ઉજવણી થઈ રહી છે. આ અભિયાન અંતર્ગત જિલ્લામાં ઠેર ઠેર ગ્રામ પંચાયતો ખાતે વીર શહીદોની યાદમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.આ અભિયાનમાં જિલ્લાના અનેક ગામોમાં 'મેરી માટી, મેરા દેશ' અંતર્ગત જનભાગીદરી થકી ભવ્ય ઉજવણી કરાઈ હતી અને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વીરોને નમન કરવાના હેતુથી તમામ પંચાયતમાં શિલાફલકમનું નિર્માણ કરાયું હતું. આ ઉપરાંત ગ્રામજનો દ્વારા ગામ દીઠ ૭૫ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. વધુમાં ગામના લોકોએ ભેગા મળી હાથમાં માટી અને માટીનો દીવો લઈ રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. આ ઉપરાંત વીર શહીદોના પરિવારજનોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. તમામ ગ્રામ પંચાયત કક્ષાએ યોજાનાર કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો અને પદાધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં ધ્વજવંદનનો કાર્યક્રમ પણ યોજાયો હતો.



# અરવલ્લી જિલ્લાની શાળાઓના કર્મચારીઓને જી.પી. ફંડ સ્લીપ મળી નથી...!!!

## જિલ્લા વિભાજન પછી શિક્ષકોની કફોડી દશા : ૯૦ ટકા ઉપાડ કરવાની ઈચ્છા રાખનાર કર્મચારીઓની હાલત કફોડી

બાયડ તા.૧૨

શાળામાં ફરજ બજાવતા કર્મચારી જીંદગીભરની બચત જી.પી.ફંડમાં જમા કરાવી પાછલી જીંદગી આરામથી પસાર કરવાના સ્વપ્ન જોતો હોય છે પરંતુ સાબરકાંઠા જિલ્લાનું વિભાજન થયા પછી અરવલ્લી જિલ્લાની શાળાઓના કર્મચારીઓની હાલત કફોડી થઈ છે. એપ્રિલ-૨૦૨૧માં કર્મચારીઓના જી.પી.ફંડ બેલેન્સ જીરો બતાવ્યા પછી હજુ પણ કર્મચારીઓને અગાઉનો હિસાબ નહીં મળતાં જેના કારણે કપાત થયેલી રકમ અને વ્યાજના ઉમેરાનો હિસાબ ન હોવાથી નિયમ મુજબ ૯૦ ટકા ઉપાડ કરવા ઈચ્છતા કર્મચારીઓને ઓછી રકમ મળી રહ્યાની હૈયાવરાળ સામે આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર લાંબા સમયથી મોટાભાગના વિભાગોમાં જી.પી.ફંડનો મુદ્દો કર્મચારીઓ માટે અકળાવનાર રુપ હોય છે. અરવલ્લી જિલ્લાની સ્થાપના થયાના ૧૦ વર્ષ પછી પણ સાબરકાંઠા જિલ્લાના વિભાગમાંથી યોગ્ય જવાબો કચેરી તેમજ કર્મચારીઓને મળતા નથી. જી.પી. ફંડ મુદ્દે કર્મચારી સંઘોએ રજૂઆત કરી હોવા છતાં ઉકેલ આવ્યો નથી અને હવે બહાર આવેલી વિગતો અનુસાર શાળાના કર્મચારીઓ બેઝીક પગારના ૧૦ ટકા જી.પી. ફંડ કપાવી અન્ય સ્થળે રોકાણ કરશે પરંતુ જ્યાં સ્લીપનું જ ઠેકાણું ન હોય ત્યાં કર્મચારીઓને કેટલી રકમ જમા છે તે જાણવા માટે પણ સાત કોઠા વિંધવા જેવી અઘરી કામગીરી આવી પડી છે. એપ્રિલ-૨૦૧ નો હિસાબ ન મળતાં ૧૦ ટકાને બદલે કેટલી રકમ કર્મચારીઓના જી.પી. ફંડ ખાતામાં જમા રહી તે જાણવા માટે અનેક કર્મચારીઓ ટેબલે ટેબલે ફરી રહ્યાનું પણ જાણવા મળ્યું છે.

# મોડાસાના સહયોગ બાયપાસ ચોકડી નજીક ફોર્ચ્યુનરે ગાયને ટક્કર મારતા મોત : રોડ પર રખડતા પશુઓનો ત્રાસ

## મોડાસા શહેરના માર્ગો પર રખડતા પશુઓનો આતંક વાહનચાલકોના માથે મંડરાતું મોતઃ રખડતા પશુઓના ધણનો હાઇવે પર અડીંગાથી અકસ્માત સર્જાય છે

મોડાસા, તા. ૧૨

ચોમાસાની ઋતુ ચાલુ થતા જ મોડાસા શહેરમાં આવેલ હાઈવે પર ગાયો અડિંગો જમાવી બેસી જાય છે. રસ્તા પર ગાયો બેસી જવાના કારણે અકસ્માત સર્જાવાનો પણ ભય લોકોને સતાવી રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા ગાયોને રસ્તા પરથી દૂર કરવા કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાગ ઉઠી છે.મોડાસા શહેરના માર્ગો પર તેમજ શહેરની આજુબાજુથી પસાર થતા હાઈવે રોડ પર બેઠેલી ગાયોની ભરમાર જોવા મળે છે અનેક અકસ્માત થવા છતા તંત્રના પેટનું પાણી પણ હલતું નથી મોડાસાની સહયોગ બાયપાસ ચોકડી નજીક ફોર્ચ્યુનર ગાડીને આડે ગાય ઉતરતા ગમખ્વાર અકસ્માતમાં ગાયનું સ્થળ પર મોત નીપજ્યું હતું ફોર્ચ્યુનરના આગળના ભાગનો કડૂચાલો વળી ગયો હતો ગાયનું અકસ્માતમાં મોત થતા વિશ્વ હિન્દૂ પરિષદના લોકો સ્થળ પર પહોંચી પોલીસને જાણ કરી હતી.

શામળાજી-ગોધરા હાઈવે મોડાસા શહેરમાંથી પસાર થાય છે મોડાસા-ગોધરા હાઈવે પર મોટી સંખ્યામાં પશુઓ અડિંગો જમાવતા રાહદારીઓ અને વાહન ચાલકોને નીકળવામાં મુશ્કેલીઓ પડી રહી છે જેને લીધે અકસ્માત સર્જાય છે મોડાસા-માલપુર રોડ પર સહયોગ બાયપાસ ચોકડી નજીક પુરપાટ ઝડપે પસાર થતી ફોર્ચ્યુનર કારની વચ્ચે રોડ પર ગાય આવી જતા ધડાકાભેર અકસ્માત સર્જાતા ગાયનું સ્થળ પર મોત નીપજ્યું હતું ફોર્ચ્યુનરના આગળના ભાગના ભુક્કા બોલાઈ ગયા હતા ફોર્ચ્યુનરે ગાયને ટક્કર મારતા લોકો રોડ પર દોડી આવ્યા હતા સદનસીબે ફોર્ચ્યુનાર ચાલક અને સવાર લોકોનો આબાદ બચાવ થતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો મોડાસા શહેરના મુખ્યમાર્ગો,રહેણાંક વિસ્તારના રોડ-રસ્તા પર અને હાઈવે પર બેઠેલી ગાયોની ભરમાર જોવા મળે છે અનેક અકસ્માત થવા છતા તંત્રના પેટનું પાણી પણ હલતું નથી.



## બાયડ તાલુકામાં ડેન્ગ્યુનો વકરતો રોગચાળો

# ૧૦થી વધુ શંકાસ્પદ કેસ આરોગ્ય વિભાગ દ્વારા વેકર કંટ્રોલ ટીમ દ્વારા કામગીરી શરુ

બાયડ, તા.૧૨

ચોમાસાની અત્યાર સુધીની ધુંઆધાર બેટીંગ પછી બાયડ તાલુકામાં પાણીજન્ય તેમજ મેલેરીયાના રોગચાળાએ માથું ઉંચક્યું છે. છેલ્લા દોઢ સપ્તાહમાં બાયડ તાલુકામાં ડેન્ગ્યુનો રોગચાળો વકર્યો છે અને ૧૦થી વધુ શંકાસ્પદ કેસ નોંધાયા છે. જેમાં મોટાભાગના દર્દીઓ અમદાવાદ-ગાંધીનગરમાં રહેતા હતા અને તાલુકાના રહીશ છે તેઓ સ્થાનિક હોસ્પિટલોમાં સારવાર માટે દાખલ થયાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ચોમાસા દરમ્યાન રોગચાળાનું પ્રમાણ સૌથી વધુ જોવા મળતું હોય છે. આ વર્ષે બાયડ તાલુકાના પૂર્વ પટ્ટામાં સૌથી વધુ વરસાદ વરસ્યો અને કેટલાક વિસ્તારોમાં વરસાદ થંભી ગયાના ૧૫ દિવસ પછી પણ વરસાદી પાણી ઓસર્યા નથી જેના કારણે ડુબાઉ વિસ્તારોની પ્રજા ચામડી રોગના સકંજામાં આવવાની સાથે મચ્છરોનો ઉપદ્રવ વધતાં શંકાસ્પદ ડેન્ગ્યુના કેસમાં ઉછાળો આવી રહ્યો છે. બાયડ ઉપરાંત આંબાગામ, ડેમાઈ સહિતના અનેક ગામડાઓ સુધી ડેન્ગ્યુના દર્દીઓ જોવા મળ્યા છે જેમાંના મોટાભાગના દર્દી અભ્યાસ તેમજ નોકરી અર્થે અન્ય જિલ્લામાં રહેતા હોવાનું પણ આરોગ્ય વિભાગની ચકાસણી દરમ્યાન જણાઈ આવ્યું છતાં તમામ વિસ્તારોમાં એન્ટીલાર્વલ કામગીરી શરુ કરી દેવામાં આવી છે. અત્યાર સુધીમાં ૧૭ સીરમ સેમ્પલ લેવામાં આવ્યાં છે જેમાં એકપણ કેસ પોઝિટિવ જણાયો નથી. જ્યારે વેકર કંટ્રોલ ટીમમાં ૫ સભ્યોની નિયુક્તિ કરીને મચ્છરજન્ય રોગચાળાને ડામવા માટે યુદ્ધના ધોરણે કામગીરી શરુ કર્યાનું પણ જાણવા મળ્યું છે.

ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ બહારના છે - આરોગ્ય તંત્ર : બાયડ તાલુકા આરોગ્ય વિભાગનો સંપર્ક કરતાં જણાવ્યું કે ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ નોંધાયા છે તે અમદાવાદ, ગાંધીનગર ખાતે રહેતા હોવાનું જણાઈ આવ્યું છે તેમ છતાં તેમના મકાનો આસપાસ એન્ટીલાર્વલ કામગીરી કરવાની સાથે મચ્છર ઉપદ્રવના સ્થાનો સુધી જરુરી કામગીરી ટીમો દ્વારા કરવામાં આવી છે.



# આર્ટ્સ એન્ડ કોમર્સ્ કોલેજ ધનસુરા ખાતે મેરી મિટ્ટી મેરા દેશ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૧૨

આર્ટ્સ એન્ડ કોમર્સ્ કોલેજ ધનસુરા ખાતે " મેરી મિટ્ટી મેરા દેશ "અંતર્ગત વૃક્ષારોપણ નો કાર્યક્રમ યોજાયો.ધી ડી પી સી બી એ લ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધનસુરા દ્વારા મેરી મિટટી મેરા દેશ અને આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે વૃક્ષારોપણ ડો પ્રિ. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ એનએસએસ વિભાગ દ્વારા યોજવામાં આવ્યુ, પ્રોગ્રામ ઓફિસર ડો મેહુલભાઈ ઠાકોર અને ડો ભારતીબેન ગામીત દ્વારા એનએસએસના સ્વયંસેવકો તમામ અધ્યાપકો એ સાથે મળીને વૃક્ષારોપણ કર્યુ હતું.આ કાર્યક્રમ ને સફળ બનાવવા મંડળ માથી ઉપપ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ,અરવિંદ ભાઈ શાહ , ભાવેશભાઈ શાહ જોડાયા હતા , પ્રમુખ રાજેન્દ્ર કુમાર મેહતા દ્વારા સમગ્ર સ્ટાફ અને સ્વયંસેવકો ને શુભેચ્છા પાઠવવામાં આવી હતી




# અમદાવાદ મ્યુનિસિપલ ક્રેડીટ સોસાયટીના વાઈસ ચેરમેન તરીકે ભાવેશ પટેલની બિનહરીફ વરણી

## શિક્ષક આલમ સહિત આંજણા પાટીદાર સમાજમાં ખુશાલી છવાઈ

બાયડ, તા.૧૨

અમદાવાદ મ્યુનિસિપલ ક્રેડીટ સોસાયટીની વાર્ષિક સાધારણ સભા પછી યોજાયેલી પ્રથમ કારોબારી સભામાં અરવલ્લી જિલ્લાના આકરૂન્દ ગામના વતની ભાવેશ જશુભાઈ પટેલની વાઈસ ચેરમેન તરીકે બિનહરીફ વરણી થતાં શિક્ષક આલમ સહિત આંજણા પાટીદાર સમાજમાં ખુશાલી છવાઈ છે. લોકપ્રિય, નિષ્પક્ષ અને ન્યાયિક પ્રા.શિક્ષકની ઉચ્ચ હોદ્દા ઉપર નિયુક્તિને લઈને વ્યાપક આવકાર મળી રહ્યો છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર શાળામાં કોઈ બાળકને ગંભીર માંદગી આવી પડી હોય તો પળનોય વિલંબ કર્યા વગર અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પોતાના વાહનમાં બેસાડીને સારવાર કરાવી દુઃખીયારા પરિવારોનો સધિયારો બનવું તેમજ લીઓ કલબ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાના પ્રમુખથી માંડી મલ્ટીપલ સુધી નેત્રદિપક કામગીરીના કારણે પોતાની આગવી ઓળખ ઉભી કરનારા ભાવેશ જશુભાઈ પટેલે બાયડ તાલુકાની નારમીયાંનીમુવાડી પ્રા.શાળાથી શિક્ષણની સાથે સેવાકીય યજ્ઞની ધૂણી ધખાવી હતી. ત્યારબાદ જિલ્લાફેર અમદાવાદ કોર્પોરેશનમાં બદલી કરાવી સી.આર.સી. કો.ઓર્ડીનેટર તરીકે યશસ્વી સેવાઓ આપી તમામ શિક્ષકોમાં એક આગવી ઓળખ ઉભી કરી હતી. તાજેતરમાં યોજાયેલી અમદાવાદ મ્યુનિસિપલ ક્રેડીટ સોસાયટીની ચૂંટણીમાં પણ સર્વાધિક મત મેળવી લોકચાહનાની ઓળખ આપી હતી. ત્યારબાદ તાજેતરમાં ક્રેડીટ સોસાયટીની કારોબારી સભા યોજાતાં ભાવેશ પટેલને સર્વાનુમતે વાઈસ ચેરમેન તરીકે વરણી કરાતાં અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, મહેસાણા જિલ્લાના આંજણા પાટીદાર સમાજમાં ખુશાલીનું મોજુ ફરી વળ્યું છે.

# અરવલ્લી : માલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં દીપડાનો આતંક

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં અને જંગલ વિસ્તારમાં દીપડાઓની સંખ્યામાં વધારો થવાની સાથે માનવ વસ્તીમાં પ્રવેશી આતંક મચાવી પશુઓનું મારણ કરતા પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો છે માલપુર તાલુકાના વાંકાનેડા પંથકમાં દીપડાએ હાહાકાર મચાવી દીધો છે છેલ્લા ટૂંક સમયમાં ૧૫ થી વધુ પશુઓનું મારણ કરતા પશુપાલકો ચિંતિત બન્યા છે હાલ ખેતીની સીઝન ચાલી રહી છે ત્યારે દીપડાના ભયથી ખેડૂતો ખેતર પણ નધણિયાત મુકવા મજબુર બન્યા છે વનવિભાગને દીપડાને પાંજરે પુરવા માટે વારંવાર રજુઆત કરવા છતાં તંત્રે આંખ આડે કાન કરતા ખેડૂતો અને પશુપાલકો ચીમકી ઉચ્ચારી છે. માલપુર તાલુકામાં દીપડાનો આતંક યથાવત જોવા મળી રહ્યો છે વાંકાનેડામાં ઓબા ગોટી વિસ્તારમાં દીપડાએ વધુ બે બકરીઓનું મારણ કરતા પશુપાલકો સહીત સમગ્ર પંથકની માનવ વસ્તી દીપડાના ભયથી થર થર કાંપી રહી છે વાંકાનેડા ગામ નજીક જંગલ વિસ્તાર હોવાથી દીપડો મસ્ત બનીને ગમે ત્યારે ત્રાટકતો હોવાની બુમરાણ ઉઠી છે આ પંથકમાંથી અત્યાર સુધી દીપડા એ ૧૩ બકરા અને બે પાડીઓનું મારણ કર્યું હોવા છતાં માલપુર નું વન વિભાગ ચુપચાપ તમાશો જોઈ રહ્યું હોવાનો લોકો આક્ષેપ કરી રહ્યા છે વન વિભાગના અધિકારીઓ સમક્ષ પાંજરા મુકવા અનેકવાર રજુઆત કરવામાં આવી હોવા છતાં વનવિભાગ કોઈ જ પગલાં ભરતું ન હોવાની બુમ ઉઠી છે રાત્રીના સમયે ખેતર માં ખેતીકામ માટે જવુ ખેડૂતો માટે જોખમકારક બન્યું હોવાથી ખેડૂતો લાચાર બનતા આ પંથકના અગ્રણીઓ તેમજ પશુપાલકો રજુઆત પણ કરવાની ચીમકી ઉચ્ચારી હતી.



# કાણોદરમાં ત્રણ દીકરીઓ અવતરતા પરિણીતાને ગર્ભપાત કરાવ્યો, ગરમ સાણસીથી ડામ આપ્યા!

## ત્રીપલ તલાક આપી દીકરી સાથે તરછોડી મુકનાર થરાદના સાસરીયાઓ સામે કાર્યવાહી કરવા જિલ્લા પોલીસવડાને રજૂઆત

પાલનપુર તા.૧૨

પાલનપુર તાલુકાના કાણોદરમાં એક પરિણીતાએ ત્રણ દીકરીઓને જન્મ આપ્યા બાદ તેના પતિ સહિત સાસરિયાઓએ ગર્ભપાત કરાવ્યો હતો. તેને ગરમ સાણસીથી ડામ આપ્યા હતા. અને ત્રણ તલાક આપી દીકરીઓ સાથે તરછોડી મૂકી હતી. જેણે થરાદના સાસરીયાઓ સામે કાર્યવાહી કરવા ગુરુવારે જિલ્લા પોલીસવડાને રજૂઆત કરી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,વડગામ તાલુકાના સેજલપુરા ગામની વતની અને હાલ પાલનપુરના કાણોદર ખાતે રહેતી હિનાબેન એસ બાનવાના લગ્ન વર્ષ ૨૦૧૦માં મુસ્લિમ સરિયત મુજબ થરાદના યુવક સાથે થયા હતા. જોકે આ પરણીતાને લગ્નની શરૂઆતમાં સારી રીતે રાખ્યા બાદ પિયર માંથી દહેજ લાવવા તેને મારજુડ શરૂ કરી હતી. લગ્ન જીવન દરમ્યાન સમયાંતરે આ મહિલાને ત્રણ પુત્રીનો જન્મ થતા તેનો પતિ, સસરા, સાસુ,જેઠાણી અને કાકા સસરાની ચડામણી થી એક વાર તેને ગર્ભપાત કરાવવા દવાખાને લઈ ગયા હતા. તેમજ ગરમ સાણસી થી ડામ દઈ માર્ચ ૨૦૨૧માં તેને ત્રણ તલ્લાક આપી તેની ત્રણ પુત્રી સાથે ઘર માંથી કાઢી મુકી હતી. આ પીડિત મહિલા તેની ત્રણ પુત્રી સાથે પિયરમાં આશ્રય મેળવી રહી છે. તેમ છતાં તેના સાસરિયાં દ્વારા તેની કોઈ દરકાર લેવામાં ના આવતા આખરે પતિ સહિત પાંચ સાસરિયાં વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવા પાલનપુર જીલ્લા પોલીસ વડાની કચેરીએ લેખિત રજૂઆત કરી છે.

